BUSINESS મિત્ર

અમેરિકાના ટેરિફની અસર રહી નહીં, ડિસ્કાઉન્ટ કરી દીધુ

જુલાઇ સિરીઝના અંતિમ દિવસે ગેપ ડાઉન ખુલ્યા બાદ શોર્ટ કવરીંગ, છતાં સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 31: જુલાઇ સિરીઝની એકસપાયરી પુર્વે અમેરિકાના ટેરિફની જાહેરાતની અસર ભારતીય શેરબજાર ખુલતાથી જ જોવા મળી હતી અને ગેપડાઉન ખુલ્યા હતા, પણ દિવસ આગળ વધતો ગયો તેમ શોર્ટ કવરીંગ જોવા મળી હતી, જેના પગલે આજે મોટો ઘટાડો ભૂંસાઇ ગયો હતો. જેમાં અમેરિકાના ટેરિફની અસર પણ નહીંવત રહી હતી અને ડિસ્કાઉન્ટ કરીને શેરબજાર તેની ગતિએ વધઘટ કરતો જોવા મળ્યો હતો.

બે દિવસના સુધારાની ચાલને તોડીને ભારતીય શેરબજાર સાધારણ ખોટ સાથે બંધ થયા હતા. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય ચીજવસ્તુઓ પર 25 ટકા ટેરિફની જાહેરાત કર્યા બાદ વેચવાલી રહી હતી. જે 1લી ઓગસ્ટથી લાગુ થશે અને સાથે જ ભારતે રશિયા પાસેથી ચીજવસ્તુઓની ખરીદી માટે વધારાની અનિશ્ચિત દંડ પણ ફટકાર્યો હતો.

નોલેજ રિયલ્ટી ટ્રસ્ટ દેશનું સૌથી મોટું આરઇઆઇટી છે અને લિસ્ટીંગ સમયે સૌથી વધુ ભૌગોલિક વૈવિધ્યસભર આરઇઆઇટી છે, ટ્રસ્ટે તેના ઇશ્યુ માટે પ્રતિ યુનિટ રૂ. 95થી 100ની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે. ઇશ્યુ 5 ઓગસ્ટના રોજ ખુલશે, જે 7મી રોજ બંધ થશ. ન્યુનતમ બીડ કદ રૂ. 15 હજાર છે, જે ન્યુનતમ રોકાણની રકમ પણ છે.

બીએસઇ સેન્સેક્સ 296.28 પોઇન્ટ એટલે કે 0.36 ટકા ઘટીને 81185.58 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 81803 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 80695 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 86.70 પોઇન્ટ એટલે કે 0.35 ટકા ઘટીને 24800ની સપાટી તોડીને 24768.35 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24956 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24635 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 188.75 પોઇન્ટ એટલે કે 0.34 ટકા ઘટીને 55961.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ફિનોલેક્સ કેબલ્સમાં 62.52 ગણા, એચઇજીમાં 23.83 ગણા, સેગીલિટી ઇન્ડિયામાં 4.85 ગણા, એયુ સ્મોલ ફાઇ. બેન્કમાં 4.66 ગણા અને ન્યુ ઇન્ડિયા એન્સ્યોરેન્સમાં 4.17 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એચઇજીમાં 46.16 ગણા, કેઇન્સ ટેકનોલોજીમાં 11.8 ગણા, નવીન ફ્લોરીનમાં 11.22 ગણા, ઝેન ટેકનોમાં 11.03 ગણા અને ગ્રેફાઇટ ઇન્ડિયામાં 10.06 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી રહી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.70 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.85 ટકા ઘટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહી હતી. બીએસઇ ખાતે 1603 શેરો વધ્યા હતા, જ્યારે 2415 શેરો ઘટયા હતા, જ્યારે 135 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સ 1.48 ટકા ઘટ્યો હતો. જેમાં મહાનગર ગેસ, અદાણી ટોટલ ગેસ, જીએસપીએલ, બીપીસીએલ, આઇઓસી, એચપીસીએલ, ગુજરાત ગેસ, ગેઇલ, રિલાયન્સ અને પેટ્રોનેટ એલએનજી ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો સુધારા તરફી વલણ રહ્યું હતું. રોકાણકારો જર્મની અને ઇયુના નવીનતમ બેકારીના આંકડા સાથે જર્મન ફુગાવાના મુખ્ય ડેટા તરફ આગળ વધ્યા હતા. ચીનની આર્થિક પ્રવૃત્તિમાં નબળાઇ અને કોપરના ઘટતા ભાવોને કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ ઘટયું હોવાથી એશિયન બજારો નરમ રહ્યા હતા.

ટ્રમ્પે કહ્યું હતું કે, અમેરિકા કોપર પાઇપ અને વાયરીંગ પર 50 ટકા ટેરિફ લાદશે તે પછી કોપર વાયદામાં તીવ્ર વેચવાલી રહી હતી. જોકે, આ વસુલાતની વિગતો અપેક્ષિત વ્યાપક નિયંત્રણોથી ઓછી હતી. ચીનનો મેન્યુફેક્ચરીંગ પીએમઆઇ જુલાઇમાં ઘટીને 49.3નો થયો છે. જે જુનની ત્રણ મહિનાની ઉંચી સપાટી 49.7ની હતી. બેન્ક ઓફ જાપાનનો નીતિગત નિર્ણય રોકાણકારોના રડાર પર રહ્યો. જેને સતત ચોથી વખત ટુકાગાળાના વ્યાજના દરો પર 0.5 ટકા પર સ્થિર રહ્યો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.22 ટકા સુધારા ચાલુ રહ્યા હતા. જ્યારે કેક 0.44 ટકા અને ડેક્સ 0.20 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.01 ટકા, તાઇવાન 0.34 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 1.09 ટકા, હેંગસેંગ 1.63 ટકા, કોસ્પી 0.28 ટકા, જકાર્તા 0.88 ટકા અને શાંઘાઇ 1.19 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો ઘટાડો ચાલુ રહ્યો, 87.60ના સ્તરે

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો વધુ ઘટાડો નોંધાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 16 પૈસા ઘટીને 87.60ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 87.44ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 99.53, પાઉન્ડ 115.25, કેનેડિયન ડોલર 63.47, ઓસ્ટ્રેલિયન ડોલર 56.05, જાપાનીઝ યેન 0.5831 અને સીંગાપોર ડોલર 67.37ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	87.60 રૂ.
યુરો	99.53 રૂ.
પાઉન્ડ	115.25 રૂ.
યેન	0.5830 રૂ.

સેન્સેક્સ	-296.28	81185.58
નિફ્ટી	-86.70	24768.35
બેન્ક નિફ્ટી	-188.75	55961.95

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચયુએલ	3.44	2521.20
જિયો ફાઇ.	2.79	329.25
આઇટીસી	1.43	307.80
આઇટીસી	1.07	411.95
જેએસડબ્લ્યુ સ્ટીલ	1.00	1048.30

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી એન્ટર	4.03	2430.70
ટાટા સ્ટીલ	2.12	157.94
ડો. રેડ્ડીઝ લેબ	1.69	1270.30
સન ફાર્મા	1.56	1706.70
અદાણી પોર્ટસ	1.50	1373.10

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચયુએલ	3.48	2521.85
ઇર્ટનલ	1.40	307.85
આઇટીસી	1.01	411.80
કોટક બેન્ક	0.96	1978.60
પાવરગ્રીડ	0.64	290.95

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા સ્ટીલ	2.20	157.80
સન ફાર્મા	1.69	1705.55
અદાણી પોર્ટસ	1.50	1373.20
રિલાયન્સ	1.39	1390.30
એનટીપીસી	1.37	334.25

અદાણી એન્ટરપ્રાઇઝના પ્રથમ કવાર્ટરમાં નફો 50 ટકા પર પહોંચ્યો, આવક 14 ટકા ઘટી

અમદાવાદ, તા. 31: અદાણી એન્ટરપ્રાઇઝને એપ્રિલ-જુન 2025 કવાર્ટરમાં મોટો ઝટકો લાગ્યો છે. કંપનીનો ચોખ્ખો નફો એક વર્ષ અગાઉની સરખામણીએ 49.5 ટકા ઘટીને રૂ. 734.41 કરોડ થયો છે. એક વર્ષ પહેલા નફાનો આંકડો રૂ. 1454.50 કરોડ હતો, જ્યારે વાર્ષિક આવક 13.7 ટકા ઘટીને રૂ. 21961.20 કોરડ થઇ હતી. જુન 2024 કવાર્ટરમાં રૂ. 25472.40 કરોડ હતો.

કંપનીએ એકસચેન્જને જણાવ્યું હતું કે, જુન 2025 કવાર્ટરમાં તેનો કુલ ખર્ચ રૂ. 20970.34 કરોડ હતો, જે એક વર્ષ પહેલા રૂ. 23831.16 કરોડ હતો. અદાણી એન્ટરપ્રાઇઝમાં જુન 2025ના અંતે પ્રમોટરોનો હિસ્સો 73.97 ટકા હિસ્સો ધરાવતા હતા.

31 જુલાઇએ અદાણી એન્ટરના શેરમાં ઘટાડો નોંધાયો હતો. બીએસઇ ખાતે 4 ટકા ઘટાડા સાથે રૂ. 2430.95 પર બંધ થયો હતો. દિવસ દરમ્યાન આ શરે રૂ. 2422.35ની નીચી સપાટીએ ગયો હતો. કંપનીની માર્કેટ કેપ વધીને રૂ. 2.80 લાખ કરોડ થઇ ગઇ છે. આ શેર એક વર્ષમાં 23 ટકા ઘટ્યો છે.

મારૂતિ સુઝુકીનો દેખાવ અપેક્ષા કરતા સારો, આવક વધી, નિકાસમાં ઉછાળો

મુંબઇ, તા. 31: દેશની સૌથી મોટી પેસેન્જર કાર ઉત્પાદક કંપની મારૂતિ સુઝુકી ઇન્ડિયા લિ.એ એપ્રિલ-જુન કવાર્ટર માટે આજરોજ પરિણામ જાહેર કર્યા હતા, જે બજારની અપેક્ષા કરતા સારા રહ્યા છે. કંપનીનો ચોખ્ખો નફો નજીવો વધીને રૂ. 3712 કરોડ થયો હતો, જેની સરખામણીએ ગત વર્ષે રૂ. 3078 કરોડ હતો. આવક રૂ. 38414 કરોડ રહી, જે વાર્ષિક ધોરણે 8 ટકા વધારો દર્શાવે છે. જે અંદાજ રૂ. 36190 કરોડ કરતા વધુ છે. મારૂતિની અન્ય આવક ગત વર્ષના રૂ. 975 કરોડથી બમણી થઇને રૂ. 1823 કરોડ થઇ હતી. તે જ સમયે, સરેરાશ વેચાણ કિંમતમાં વાર્ષિક ધોરણે 7 ટકા અને ત્રિમાસિક ધોરણે 8 ટકાનો વધારો નોંધાયો છે. બીજી તરફ, મારૂતિના કુલ વેચાણના વોલ્યુમમાં ક્રમશઃ 13 ટકાનો ઘટાડો થયો હતો, પરંતુ વાર્ષિક ધોરણે એક ટકાનો નજીવો વધારો થયો હતો. સ્થાનિક વેચાણમાં 4.5 ટકાનો ઘટાડો થયો છે. જોકે, 37.4 ટકાની મજબૂત નિકાસ વૃદ્ધિ દ્વારા સરભર કરાયું છે.

સ્વિગીએ રોકાણકારોને મોટો ઝટકો આપ્યો, જુન કવાર્ટરમાં ખોટમાં 96 ટકાની વૃદ્ધિ

મુંબઇ, તા. 31: ફુડ ડિલીવરી અને ક્વિક કોમર્સ સેકટરની કંપની સ્વિગીએ એપ્રિલ-જુન 2025 કવાર્ટરના પરિણામ જાહેર કર્યા છે. કંપનીએ કોન્સોલિડેટેડ ધોરણે રૂ. 1197 કરોડની ચોખ્ખી ખોટ કરી છે. જે એક વર્ષ પહેલા થેલા રૂ. 611 કરોડના નુકશાનથી 96 ટકા વધુ છે. જોકે, ઓપરેશન્સમાથી કોન્સોલિડેટેડ આવક વાર્ષિક ધોરણે 54 ટકા વધીને રૂ. 4961 કરોડ થઇ હતી. જુન 2024 કવાર્ટરમાં રૂ. 3222 કરોડની હતી.

સ્વિગીએ એકસચેન્જને જણાવ્યું છે કે, જુન 2025 કવાર્ટરમાં તેનો કુલ ખર્ચ રૂ. 6244 કરોડ હતો. એક વર્ષ પહલા આ ખર્ચ 3908 કરોડનો હતો. જુન 2025ના અંતમાં પબ્લીક શેરહોલ્ડરો પાસે કંપનીમાં 92.28 ટકા હિસ્સો હતો. આજે બીએસઇ પર સ્વિગીનો શેર 0.62 ટકા વધારા સાથે રૂ. 403.80 પર બંધ થયો હતો. કંપનીની માર્કેટ કેપ એક લાખ કરોડને પાર નીકળી ગઇ છે. આ શેર નવેમ્બર 2024માં બીએસઇ, એનએસઇ પર લિસ્ટ થયો હતો. જે ત્રણ મહિનામાં 28 ટકાનો વધારો થયો છે.

ટેરિફ જાહેરાત બાદ ભારતના અમેરિકા સાથે વ્યૂહાત્મક સંબંધોને પણ અસર થશે

ભારત ચીન તથા રશિયાની તરફ ઝૂકાવ દર્શાવી શકે

યુએસ ચેમ્બર ઓફ કોમર્સનો અંદાજ છે કે કુલ વેપાર મુલ્ય 2025-26માં 170 અબજ ડોલરથી ઘટીને 150 અબજ ડોલર થઇ શકે

નવી દિલ્હી, તા. 31: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર 25 ટકા ટેરિફની જાહેરાત કરી છે અને 1 ઓગસ્ટ 2025થી દંડની જાહેરાત કરી છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશનના આ નિર્ણયથી ભારત-અમેરિકાના વેપાર સંબંધોમાં મોટો ઝટકો લાગી શકે છે. ટ્રમ્પના આ નિર્ણયની અસર વેપાર તેમજ વ્યૂહાત્મક સંબંધો પર પડી શકે છે.

બંને દેશો ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સહકાર વધારી રહ્યા હતા, પરંતુ આ નવી ટેરિફ નીતિ વેપાર વિશ્વાસને નબળો પાડી શકે છે. જો આ નીતિ લાંબા સમય સુધી અમલમાં રહેશે, તો ભારતને નવાં બજારોની શોધની અને પુરવઠા શ્રૃંખલાને પુનઃગઠિત કરવાની જરૂર પડશે.

યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવના રિપોર્ટ અનુસાર, ભારત હજુ પણ ઘણા અમેરિકન ઉત્પાદનો જેવા કે ઇલેક્ટ્રોનિક્સ, હેલ્થકેર ડિવાઇસ અને કૃષિ સામાન પર 30 ટકાથી 60 ટકા સુધી ટેરિફ લગાવે છે. ટ્રમ્પ પ્રશાસનનું માનવું છે કે ભારત પોતાના બજારને આંશિક રીતે બંધ રાખે છે, જ્યારે અમેરિકાનું બજાર ભારત માટે પ્રમાણમાં ખુલ્લું છે. નિષ્ણાતોના મતે ભારતને સૌથી વધુ અસર ટેક્સટાઇલ્સ, ફાર્માસ્યુટિકલ્સ અને જ્વેલરી જેવા ઉદ્યોગોમાં પડશે. અમેરિકાને ફાર્મા, એગ્રીકલ્ચર અને ડિફેન્સ સેગ્મેન્ટમાં ઝટકો લાગશે.

અમેરિકાને ભારતની નિકાસ પરસંભવિતઅસર થઇ શકે છે, તેની તરફ નજર કરીએ તો, ભારત અમેરિકાની જેનરિક દવાઓનો સૌથી મોટો સપ્લાયર છે. આ ટેરિફથી અમેરિકામાં આ દવાઓની કિંમત વધશે, અમેરિકી ગ્રાહકો અને હેલ્થ ઇન્સ્યોરન્સ પ્લાન પર બોજ પડશે. ભારતના ફાર્મા ઉદ્યોગને મોટો બિઝનેસ ફટકો પડે તેવી શક્યતા છે.

ટેક્સટાઇલ-રેડીમેડ ગાર્મેન્ટ્સભારતની ટેક્સટાઇલ નિકાસ માટે અમેરિકા એક મુખ્ય સ્થળ છે. 25 ટકા ટેરિફથી અમેરિકી બજારમાં ભારતીય કાપડ મોંઘુ થશે, જેનો ફાયદો વિયેતનામ, બાંગ્લાદેશ અને મેક્સિકોને મળી શકે છે. આ ક્ષેત્ર ભારતમાં ખૂબ મોટા પાયે રોજગાર પ્રદાન કરે છે.

જેમ્સ એન્ડ જ્વેલરી અમેરિકા જેમ્સ એન્ડ જ્વેલરીનું ભારતનું સૌથી મોટું ગ્રાહક છે. આ વધારાના ટેરિફથી અમેરિકામાં ભારતીય જ્વેલરીની માગમાં ઘટાડો થઈ શકે છે, જેની અસર સુરત અને મુંબઈ જેવા ક્લસ્ટર્સ પર પડી શકે છે.

માલેગામ બ્લાસ્ટ કેસ હિન્દુઓને આતંકવાદી સાબિત કરવા માટે ઉપજાવી કાઢવામાં આવ્યો હતો

ઇસ્લામમાં જેમ આતંકવાદને જિહાદનું નામ આપીને ધાર્મિક માન્યતા આપવામાં આવી છે, તેવી કોઈ માન્યતા હિન્દુ સંસ્કૃતિમાં નથી, કારણ કે હિન્દુ પ્રજા મૂળભૂત રીતે શાંતિપ્રિય પ્રજા છે. કોંગ્રેસના રાજમાં કેટલાક હિન્દુ સંગઠનોને આતંકવાદી જાહેર કરવા દ્વારા હિન્દુ આતંકવાદની કથા ઉપજાવી કાઢવામાં આવી હતી. ૨૦૦૦ના દાયકામાં માલેગામ બોમ્બ બ્લાસ્ટ અને સમજૌતા એક્સપ્રેસ બોમ્બ બ્લાસ્ટ જેવી કેટલીક ઘટનાઓ બની હતી, જેમાં મુસ્લિમ કોમને ટાર્ગેટ બનાવવામાં આવી હતી. સ્વાભાવિક રીતે આ કેસોમાં શંકાની સોય કેટલાક હિન્દુત્વવાદી સંગઠનો તરફ તાકવામાં આવી હતી, જેઓ યુવાનોમાં સ્વદેશાભિમાન જાગ્રત કરવાનું કામ કરતા હતા. માલેગામ બ્લાસ્ટ કેસમાં તો પ્રખર હિન્દુત્વ માટે જાણીતાં સાધ્વી પ્રજ્ઞા ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ શ્રીકાંત પુરોહિતને મુખ્ય આરોપી બનાવીને વર્ષો સુધી જેલમાં રાખવામાં આવ્યાં હતાં. હવે ૧૭ વર્ષ પછી માલેગામ બ્લાસ્ટ કેસનો ચુકાદો આવ્યો છે, જેમાં તમામ સાત આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. આ ચુકાદાથી પુરવાર થઈ ગયું છે કે હિન્દુ આતંકવાદ માત્ર કપોળકલ્પના છે.

મહારાષ્ટ્રના માલેગાંવમાં ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ ના રોજ એક મસ્જિદ પાસે પાર્ક કરેલી મોટરસાઇકલોમાં રાખેલા વિસ્ફોટકોમાં ધડાકો થયો હતો, જેમાં છ લોકો માર્યા ગયા હતા અને ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ કેસમાં ભાજપનાં નેતા સાધ્વી પ્રજ્ઞા સૌથી વધુ ચર્ચિત આરોપી હતાં. સાધ્વી પ્રજ્ઞાને જેલમાં પૂર્યાં પછી ભાજપે તેમને ટિકિટ આપી હતી અને તેઓ ભોપાલથી લોકસભાની ચૂંટણી જીતી પણ ગયાં હતાં. આ કેસમાં લેફ્ટનન્ટ કર્નલ શ્રીકાંત પુરોહિત, મેજર રમેશ ઉપાધ્યાય (નિવૃત્ત), અજય રાહિરકર, સુધાકર દ્વિવેદી, સુધાકર ચતુર્વેદી અને સમીર કુલકર્ણી વિરુદ્ધ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) અને ભારતીય દંડ સંહિતા (IPC) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. શરૂઆતમાં આ કેસની તપાસ મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્કવોડ (ATS) દ્વારા કરવામાં આવી રહી હતી, પરંતુ ૨૦૧૧ માં તેની તપાસની જવાબદારી રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ને સોંપવામાં આવી હતી. ફરિયાદ પક્ષે ૩૨૩ સાક્ષીઓની પૂછપરછ કરી હતી, જેમાંથી ૩૭ સાક્ષીઓ નિવેદન આપીને ફરી ગયા હતા.

મહારાષ્ટ્રના માલેગાંવમાં અંજુમન ચોક અને ભિક્કુ ચોક વચ્ચે શકીલ ગુડ્સ ટ્રાન્સપોર્ટની સામે ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ રાત્રે ૯:૩૫ વાગ્યે એક બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં છ લોકો માર્યા ગયા હતા અને ૧૦૧ લોકો ઘાયલ થયા હતા. આ વિસ્ફોટમાં એક મોટરસાઇકલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. NIAના રિપોર્ટ મુજબ આ મોટરસાઇકલ પ્રજ્ઞા ઠાકુરના નામે હતી. મહારાષ્ટ્ર એટીએસે હેમંત કરકરેના નેતૃત્વમાં તેની તપાસ કરી અને તે નિષ્કર્ષ પર પહોંચ્યા કે તે મોટરસાઇકલના તાર ગુજરાતના સુરત શહેર અને અંતે પ્રજ્ઞા ઠાકુર સાથે જોડાયેલા હતા. પ્રજ્ઞા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની સભ્ય રહી ચૂકી છે. પોલીસે પુણે, નાસિક, ભોપાલ અને ઇન્દોરમાં તપાસ હાથ ધરી હતી. એક સૈન્ય અધિકારી કર્નલ પ્રસાદ પુરોહિત અને નિવૃત્ત મેજર રમેશ ઉપાધ્યાયની પણ ધરપકડ કરવામાં આવી હતી. આમાં હિન્દુ સંગઠન અભિનવ ભારતનું નામ સામે આવ્યું અને તેની સાથે સુધાકર દ્વિવેદી ઉર્ફે દયાનંદ પાંડેનું નામ પણ સામે આવ્યું હતું.

એટીએસની ચાર્જશીટ મુજબ પ્રજ્ઞા ઠાકુર સામે સૌથી મોટો પુરાવો એ હતો કે મોટરસાઇકલ તેમના નામે હતી. આ પછી પ્રજ્ઞાની ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર મહારાષ્ટ્ર સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ (MCOCA) લાદવામાં આવ્યો હતો. તપાસકર્તાઓને મેજર રમેશ ઉપાધ્યાય અને લેફ્ટનન્ટ કર્નલ પુરોહિત વચ્ચેની વાતચીત મળી જેમાં માલેગાંવ બ્લાસ્ટ કેસમાં પ્રજ્ઞા ઠાકુરની ભૂમિકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બાદમાં તપાસ ATS પાસેથી NIAને સોંપવામાં આવી હતી.

NIA ચાર્જશીટમાં તેમનું નામ પણ સામેલ કરવામાં આવ્યું હતું. માલેગાંવ વિસ્ફોટની તપાસમાં સૌ પ્રથમ ૨૦૦૯ અને ૨૦૧૧ માં મહારાષ્ટ્ર ATS એ સ્પેશિયલ MCOCA કોર્ટમાં દાખલ કરેલી ચાર્જશીટમાં ૧૪ આરોપીઓનાં નામ નોંધ્યા હતાં, જ્યારે NIA એ મે ૨૦૧૬માં તેનો અંતિમ અહેવાલ રજૂ કર્યો ત્યારે તેમાં ૧૦ આરોપીઓનાં નામ હતાં. આ ચાર્જશીટમાં પ્રજ્ઞા સિંહને નિર્દોષ જાહેર કરવામાં આવ્યાં હતાં. સાધ્વી પ્રજ્ઞા પર લાદવામાં આવેલ MCOCA દૂર કરવામાં આવ્યો હતો અને એવું કહેવામાં આવ્યું હતું કે પ્રજ્ઞા ઠાકુર પર કરકરેની તપાસ અસંગત હતી. એવું લખવામાં આવ્યું હતું કે ચાર્જશીટમાં ઉલ્લેખિત મોટરસાયકલ પ્રજ્ઞાના નામે હતી, પરંતુ માલેગાંવ વિસ્ફોટના બે વર્ષ પહેલાથી કાલસાંગરા તેનો ઉપયોગ કરી રહ્યા હતા.

પ્રજ્ઞા ઠાકુરને જામીન મળ્યા પણ તેમની સામેનો કેસ ચાલુ રહ્યો હતો.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

બાદમાં તેમણે ૨૦૧૯માં ભોપાલથી લોકસભાની ચૂંટણી લડી હતી અને જીતી હતી. ભોપાલથી ચૂંટણી લડતી વખતે સાધ્વી પ્રજ્ઞા ઠાકુરે માલેગાંવ વિસ્ફોટોમાં તેમના પર લાગેલા આરોપો પર સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે તેમણે કોઈ ખોટું કામ કર્યું નથી. ભાજપે આ બેઠક પરથી પ્રજ્ઞા ઠાકુરને પોતાનાં ઉમેદવાર બનાવ્યાં તે વખતે કોંગ્રેસે આ બેઠક પરથી પોતાના દિગ્ગજ નેતા દિગ્વિજય સિંહને મેદાનમાં ઊતાર્યા હતા. આ ચૂંટણી પહેલા કોંગ્રેસે મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણી જીતી હતી.

મહારાષ્ટ્ર ATS એ શરૂઆતમાં આ કેસની તપાસ કરી હતી. ATS ની તપાસમાં જાણવા મળ્યું કે સાધ્વી પ્રજ્ઞાની LML ફ્રીડમ બાઇકનો ઉપયોગ વિસ્ફોટકો વહન કરવા માટે કરવામાં આવ્યો હતો. લેફ્ટનન્ટ કર્નલ પુરોહિત પર અભિનવ ભારત નામના જમણેરી જૂથ દ્વારા RDX નું આયોજન અને પ્રાપ્ત કરવાનો આરોપ હતો. જ્યારે NIA એ કેસની તપાસ સંભાળી ત્યારે ઘણા આરોપો પાછા ખેંચી લેવામાં આવ્યા. NIA ના મતે ATS તપાસમાં ઘણી ખામીઓ મળી આવી હતી પરંતુ UAPA કલમો યથાવત્ રાખવામાં આવી હતી. માલેગામ બ્લાસ્ટ કેસનો ચુકાદો સંભળાવતી વખતે NIAની ખાસ કોર્ટના ન્યાયાધીશે નીચે મુજબા મુદ્દાઓને રેખાંકિત કર્યા હતા :

(૧) સરકારી પક્ષ સાબિત કરી શક્યો કે બોમ્બ ફૂટ્યો હતો, પરંતુ તે સાબિત કરી શક્યો નહીં કે બોમ્બ મોટરસાઇકલમાં લગાવવામાં આવ્યો હતો.

(૨) એવો દાવો કરવામાં આવ્યો હતો કે લેફ્ટનન્ટ કર્નલ પુરોહિત કાશ્મીરથી RDX લાવ્યા હતા, પરંતુ કોઈ નક્કર પુરાવા મળ્યા ન હતા. એ પણ સાબિત થઈ શક્યું ન હતું કે પુરોહિતે પોતાના ઘરે બોમ્બ તૈયાર કર્યો હતો.

(૩) રમઝાનને કારણે તે સમયે આ વિસ્તાર બંધ હતો અને મોટરસાઇકલ ત્યાં કેવી રીતે પહોંચી તે સ્પષ્ટ નહોતું.

(૪) એવું કહેવામાં આવ્યું હતું કે કાવતરું ઘડવા માટે ઇન્દોર, ઉજ્જૈન અને નાસિક જેવા સ્થળોએ બેઠકો યોજાઈ હતી, પરંતુ આવી બેઠકોના કોઈ વિશ્વસનીય પુરાવા કોર્ટમાં રજૂ કરી શકાયા નથી.

(૫) કોર્ટે એ પણ શોધી કાઢ્યું કે તપાસ અધિકારીઓએ ફોન રેકોર્ડની તપાસ કરવાની પરવાનગી લીધી ન હતી.

(૬) અભિનવ ભારત કેસમાં પુરોહિત, રાહિરકર અને ઉપાધ્યાય વચ્ચે નાણાંકીય વ્યવહારોના કેટલાક પુરાવા મળ્યા હતા, પરંતુ તે સાબિત થઈ શક્યું ન હતું કે આ નાણાંનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓમાં થયો હતો.

(૭) ફરિયાદ પક્ષ પોતાના આરોપોને સાબિત કરવા માટે વિશ્વસનીય અને નક્કર પુરાવા રજૂ કરી શક્યો નહીં.

(૮) બધા પુરાવાઓને ધ્યાનમાં લેતાં કોર્ટે ઠરાવ્યું કે આરોપીને દોષિત ઠેરવવા માટે પૂરતા કાનૂની આધારો નથી.

(૯) તે એક ગંભીર ગુનો હતો, પરંતુ કોર્ટને ચુકાદો આપવા માટે નક્કર અને નિર્વિવાદ પુરાવાની જરૂર છે. શંકાનો લાભ આપીને બધા આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ કેસનાં મુખ્ય આરોપી પ્રજ્ઞા ઠાકુરને જામીન મળ્યા હતાં પણ તેમની સામેનો કેસ ચાલુ રહ્યો હતો. બાદમાં તેમણે ૨૦૧૯માં ભોપાલથી લોકસભાની ચૂંટણી લડી હતી અને જીતી હતી

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૫૫૦	કોપરેલ	૭૨૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૩૫૦	વનસ્પતિ ઘી	૨૪૦૦
સીંગતેલ (૫ લી)	૮૫૦	સનફ્લાવર	૨૨૩૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૯૦	તલતેલ	૪૯૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૯૦	દિવેલ	૨૪૨૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૨૫૦
સરસીયું તેલ	૨૭૮૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૪૦૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૦૧૬૯૦
તેજાબી સોનું	૧૦૧૬૦૦
દાગીના-૨૨ કેરેટ	૯૬૬૦૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૯૯૬૫૦
સોનાનાં બિસ્કીટ	૧૦૧૬૯૦૦
ચાંદી (૯૯૯)	૧૧૩૫૦૦
ચાંદી સિક્કા	૧૧૫૦૦૦

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ દીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.				
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૪	૭૫/૩૬	,,	૧૨૭	----- ---
૩૦/૩૬ એફડી	૨૬૨	૫૦/૩૬	,,	૧૩૯	૮૦/૭૨ બ્લેક રોટો ૧૩૯
લોકલ		૫૦/૪૮ SD/કેપ		૨૨૦	**ગાર્ડન**
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૩	**RI